જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૩/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૮૭૮ લીટર દેશી દારૂ, ૯૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ સ્કુટર અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૬૬/૧૭

**વસ્ત્રાપુરઃ (૧)** વાલજીભાઇ પરબતભાઇ સુહાગીયા (રહે. શુભવિલા , સત્યમ કોમ્પલેક્ષ ચાર રસ્તા સાયન્સ સિટી સોલા) એ તા.૩૦/૩/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છ મહીના પહેલાથી આજદીન સુધીમા આરોપી (૧) નરેશભાઇ ગોકુળભાઇ શેલડીયા (૨) પ્રકાશભાઇ ગોકુળભાઇ શેલડીયા અને (૩) ગોકુલભાઇ બાવાભાઇ શેલડીયા (ત્રણેય રહે. મધુવન બંગલોઝ શીલજ ગામની પાછળ શીલજ થલતેજ) એ ભેગા મળી થલતેજ ચાર રસ્તા પાસે ટાઈટેનિયમ સ્કેવર બિલ્ડીંગમા ઓફિસનં ૧૧૦૩ ની શેલડીયા ઈન્ફોકોમ કન્ટ્રકશન નામની ઓફિસ ખાતે કરમસદ સ્ટેશન રોડ ઉપર આવેલ જમીન કિમત રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- વેચાણ આપી જે જમીન અન્ય વ્યકતિ ને વેચાણ આપી રૂપિયા પરત નહી આપી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**(૨)** કલ્પેશભાઇ હરીપ્રસાદ ગોર (ઉ.વ.૪૪) (રહે.સન્સાર્ય ટાવર આલ્ફાવન મોલની બાજુમાં વસ્ત્રાપુર) એ તા.૩૦/૩/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૩/૧૭ કલાક ૧૧/૩૦ વાગ્યા થી તા.૨૪/૩/૧૭ કલાક ૩/૩૦ વાગ્યા દરમ્યાન આરોપી વીઝન પ્રોફાઇલ ઇન કંપનીના માલીક એ મો.નં.૯૨૧૦૧૫૦૮૬૨ ઉપરથી કલ્પેશભાઈને નોકરી ડોટ કોમ ઉપર તમારો બાયોડેટા મુકેલ છે તો તમો અન્ય સારી નોકરીની તક માટે રસ ધરાવો છો એમ કહી વેબસાઇડ એડ્રેશ WWW.VISION PROFILE .IN આપી રજીસ્ટ્રેશન કરાવી ઈન્ટરવ્યુ લઈ અસેપ્ટેન્સ લેટર આપી મેઇલ દ્વારા રૂપિયા ૪૬,૫૭૨/- મેળવી લઇ છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ વસ્ત્રાપુર પો.ઈ.શ્રી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વેજલપુરઃ** હાર્દિકભાઇ રાજુભાઇ રાજપુત (ઉ.વ.૩૦) (રહે. હરીહરાનંદ સોસાયટી રજવાડુ હોટલ સામે જીવરાજ પાર્ક) એ તા.૩૦/૩/૧૭ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી કેવીન પટેલે તા.૫/૩/૧૭ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘર વપરાશની ચીજવસ્તુઓ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- કુરિયર દ્રારા ઓસ્ટ્રેલીયા ખાતે નહિ પહોચાડી અને તમામ સામાન સગે-વગે કરી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.કોડીયાતર ચલાવે છે.

**<u>દુષ્પ્રેરણની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૭/૧૭</u>**

**દાણીલીમડાઃ** અમરતભાઇ પાનાભાઇ મકવાણા ઉવ ૪૮ ધંધો છુટક મજુરી રહે. ગાયમાતાનો વાસ શિરોહી તાઃ કાંકરેજ જી-બનાસકાંઠા) એ તા.૩૦/૦૩/૨૦૧૭ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી રંજનબહેનને તેના પતિ સુરેશભાઇ રેવાભાઇ પરમાર (રહે.સુર્યનગર સોસાયટી વિભાગ-ર દાણીલીમડા) માનસીક અને શારીરીક ત્રાસ આપતા હોઈ રંજનબહેને તા.૨૧/૩/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સાસરીમાં ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે.અમીન ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૮/૧૭</u>**

**ઓઢવઃ** નિર્મળાબેન વા/ઓ હરીશંચંન્દ્ર છીયા (ઉ.વ.૪૮) (રહે. ગાંધીપાર્ક સોસાયટી વિરાટનગર રોડ ઓઢવ) તા.૩૦/૩/૧૭ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રોડ સ્વામીનારાયણ મંદિર વિષ્ણુ કોલોની નજીકથી **પસાર થઈ રહ્યા હતા ત્યારે** એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો નિર્મળાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિર્મળાબહેન છીયાએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ હરજીભાઇ ચલાવે છે.

**ઇસનપુરઃ** નયનકુમાર છોટુભાઈ દેસાઈ (ઉ.વ.૬૬) (રહે. શ્રી રંગઆશીષ સોસાયટી ટોરેન્ટ પાવર પાસે ઇસનપુર) તા.૨૯/૩/૧૭ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો નયનકુમારના ગળામાંથી રુદ્રાસની સોનાની માળા કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નયનકુમાર દેસાઈએ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

**<u>લુંટ :-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૯/૧૭</u>**

**વટવાઃ** પંકજભાઈ જલેબસિંગ યાદવ (ઉ.વ.૨૦) (રહે. મીઠાશેઠની ચાલી ભીલવાડા સંજય ચોકની પાસે અમરાઈવાડી) એ તા.૩૦/૦૩/૨૦૧૭ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે વટવા ધર્મકુંજ સોસાયટી વટવા ગ્રીનપાર્ક સોસાયટી નજીકથી પોતાની ઓટોરિક્ષામાં પેસેંન્જર તરીકે બે પુરૂષોને બેસાડયા હતા. ત્યારબાદ આ પુરૂષો પૈકી એક પુરૂષે કહેલ કે “ એક ફોન કરવો છે ” તેમ કહી પંકજભાઈ પાસેથી મોબાઈલ ફોન માંગી લઈ જાનથી મારી નાખવાની ધમકી આપી મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૪,૦૦૦/- લૂંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પંકજભાઈ યાદવે વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૦/૧૭</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** યોગીનીબહેન તપનભાઇ મહેતા (રહે.પારીતોસ એપાર્ટમેન્ટ, મેમનગર ફાયર સ્ટેશન સામે ઇશ્વરભુવન રોડ) એ તા.૨૯/૩/૧૭ રાતના ૧૦/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની મારૂતિ વેગન આર કાર નંબર જીજે ૧ એચએલ ૫૦૨૫ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૦/૩/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ યોગીનીબહેન મહેતાએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી આર.વી.બોડાત ચલાવે છે.

**ખોખરાઃ** જીતેન્દ્રભાઇ રણછોડભાઇ ઓડ (રહે. ઇશ્વરભાઇ પટેલની ચાલી અંબેમાતાના મંદીરની પાછળ ભાઇપુરા ખોખરા) એ તા.૩૦/૩/૧૭ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૩/૧૭ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે ખોખરા ઇશ્વરભાઇ પટેલની ચાલી બહાર શીતળા માતાના મંદીર સામે પાર્ક કરેલ ટાટા આઇવા કંપનીનું ડમ્પર ગાડી નંબર જીજે ૧ બીવી ૨૬૮૫ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એલ.જે.વાળા ચલાવે છે.

**<u>કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૧/૧૭</u>**

**વટવાઃ સોહિલ સ/ઓ કાંતિલાલ ઠાકોર (ઉ.વ.૧૩) (રહે. ગણેશનગરના છાપરા સુએજ ફાર્મ પાસે ટોરેન્ટ પાવરની બાજુમાં પીપળજ પીરાણા રોડ વટવા) ને તા.૨૯/૩/૧૭ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કરંટ લાગતા મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિંહ સવસિંહ ચલાવે છે.**

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૨/૧૭</u>**

**રામોલઃ** હિમાંશુ સ/ઓ શૈલેષભાઇ પટેલ (ઉ.વ.૨૭) (રહે. વૃન્દાવન પાર્ક સ્વમીનારાયાણ મંદિરની પાસે નીરાંત ચોકડી વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૩/૧૭ કલાક ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

**મણીનગરઃ** સોનુ માસી (ઉ.વ.૪૧) (રહે. ઉત્તમનગર બગીચો, પાણીની ટાંકી પાસે, મણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૩/૧૭ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૩/૧૭ નારોજ મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદુભાઇ નાનજીભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)